## જન્મદિને વધામણી



જીજ્ઞાસા રાવ
મો. ૯૪૨૬૭૦૯૭૧૦



દક્ષાબેન સોલંકી
સભ્ય, અખિલ ભારતીય મહિલા સ્વાસ્થ્ય સંઘ



પ્રસન્ન વિશાલ થોરાત
મો. ૯૪૨૮૦ ૪૭૫૨૮



અંબુજી વિહોલ
મો. ૯૯૨૪૨ ૩૬૦૭૦



જીયા નરેશકુમાર દરજી
મો. ૯૭૨૫૦૦૫૩૩૯

# નર્તન ડાન્સ ક્લાસનો મનમોહક 'નર્તન ઉત્સવ'





ગાંધીનગર, તા. ૭

'જી ઈ ક્લબ'ના ઉપક્રમે નર્તન ડાન્સ ક્લાસના પ્રથમ સ્ટેજ કાર્યક્રમનું આયોજન તાજેતરમાં ડૉ. આંબેડકર હૉલ ખાતે કરવામાં આવ્યું હતું, જેમાં નાની બાળકીઓથી માંડીને યુવતિ સુધીની નૃત્યની તાલીમાર્થીઓએ સુંદર નૃત્યોનું પ્રદર્શન કરીને દર્શકોનાં મન મોહી લીધાં હતાં.

ગાંધીનગર શહેરમાં કથ્થકની તાલીમ આપતા નર્તન ડાન્સ ક્લાસ દ્વારા 'નર્તન ઉત્સવ-૨૦૧૭' નામે આ પ્રથમ શોનું આયોજન કરવામાં આવ્યું હતું. કથ્થક કલાગુરુ હાર્દિકા શુક્લના નૃત્ય નિર્દેશનમાં તાલીમાર્થીઓ દ્વારા મનમોહક નૃત્યોની પ્રસ્તુતિ આ શોમાં કરવામાં આવી હતી. કાર્યક્રમનું ઉદ્‌ઘાટન બીએસએફના કમાન્ડીંગ ઑફિસર મનજીત સિંહ, ઠુમરી સ્કૂલ ઑફ કથ્થક, અમદાવાદનાં કલાગુરુ કવિતા ભાવસાર, દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગરના ઈન-ચાર્જ પ્રિન્સિપાલ કમલચંદ ધવન અને નહેરુ યુવા કેન્દ્ર, ગાંધીનગરના યુવા સંયોજક રજનીકાંત સુથાર દ્વારા દીપ પ્રાગટ્યના માધ્યમથી કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ગણેશ વંદના નૃત્ય, સૅમી ક્લાસિકલ ડાન્સ ઉપરાંત શુદ્ધ ક્લાસિકલ ડાન્સ અને ફિલ્મી ડાન્સની પ્રસ્તુતિ પણ તાલીમાર્થીઓ દ્વારા મનોહર રીતે કરવામાં આવી હતી. કાર્યક્રમની વિશેષતા એ હતી કે તેમાં ભાગ લેનારી સૌથી નાની નૃત્યાંગના માત્ર અઢી વર્ષની હતી અને સૌથી મોટી નૃત્યાંગના ૩૦ વર્ષની. સઘળી નૃત્યાંગનાઓએ સાથે મળીને કાર્યક્રમને સફળતા બક્ષી હતી. નર્તન ઉત્સવના અંત ભાગમાં કાર્યક્રમની પરાકાષ્ટારૂપ વેસ્ટર્ન ડાન્સ કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના છ વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. પ્રૉફેશનલ ડાન્સર્સની અદાથી પ્રસ્તુત કરવામાં આવેલો આ ડાન્સ પ્રેક્ષકોને ખૂબ ગમ્યો હતો અને સૌએ એક અવાજે આ વિદ્યાર્થીઓની પ્રશંસા કરી હતી.

તાલીમાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડવા આ કાર્યક્રમમાં ગુજરાત પ્રેસ અકાદમીના સચિવ પુલક ત્રિવેદી, ગાંધીનગર સાહિત્ય સભાના અગ્રણી નટવર હેડાઉ અને ઈન્સ્ટીટ્યુટ ઑફ પ્લાઝમા રિસર્ચના અધિકારી રાજેશ ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના પ્રારંભે સ્વાગત પ્રવચન નર્તન ડાન્સ ક્લાસનાં સંચાલક, કોરિયોગ્રાફર હાર્દિકા શુક્લ દ્વારા અને અંતે આભાર દર્શન જી ઈ ક્લબના પ્રમુખ કુંતલ નિમાવત દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિવાની ઠક્કર દ્વારા કરવામાં આવ્યું હતું.

## ડાયરેક્ટ ❤ સે

હવા સે કહે દો
ખુદ કો આઝમાકે દિખાયે
બહુત ચિરાગ બુઝાતી હે
એક જલા કે દિખાયે

## સાહિત્ય સભા દ્વારા તારક મહેતાને શ્રદ્ધાંજલિ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા લેખક તારક મહેતાના નિધન પરત્વે ઊંડા શોકની લાગણી પ્રગટ કરી તેમને શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી છે.

સાહિત્ય સભાના અગ્રણી ભરત કવિ, સુરેશ પ્રા ભટ્ટ, નટવર હેડાઉ, મુળજીભાઈ પરમાર તથા સંજય થોરાતે પદ્મશ્રી તારક મહેતાના નિધન પર શોકની લાગણી વ્યક્ત કરતાં જણાવ્યું છે કે એમના નિધનથી ગુજરાતી સાહિત્ય જગતને ન પુરાય એવી ખોટ પડી છે.

## આજે ડૉ. આંબેડકર હૉલમાં ભજવાશે ગાંધીનગરનું નાટક 'પિયુ મનભાવન'




ગાંધીનગર, તા. ૭

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની આર્થિક સહાયથી નિર્મિત નાટક 'પિયુ મનભાવન'ની પ્રસ્તુતિ બુધવારે ગાંધીનગર ખાતે કરવામાં આવી રહી છે. ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની પ્રતિભાશાળી દિગ્દર્શકોને નાટ્યનિર્માણ માટે આર્થિક સહાય આપવાની યોજના અંતર્ગત પસંદગી પામેલું સામાજિક નાટક 'પિયુ મનભાવન' તા. ૮ માર્ચને બુધવારના રોજ રાત્રે ૯ કલાકે ડૉ. આંબેડકર ભવન હૉલ, સૅક્ટર-૧૨, ગાંધીનગર ખાતે ભજવાઈ રહ્યું છે, જેમાં ગાંધીનગરના કલાકારો પોતાની પ્રતિભાનાં ઓજસ પાથરી રહ્યાં છે. કુંતલ નિમાવત લિખિત અને દિવ્યકાન્ત વર્મા દિગ્દર્શિત આ નાટકમાં હાર્દિકા શુક્લ, મૌન સાધુ, પ્રતીક હીરપરા, કરિશ્મા પાટડીયા, હિમાની માંકડ, ફાલ્ગુન નંદા, કરણ રાજવીર તથા દિવ્યકાન્ત વર્મા અને કુંતલ નિમાવત અભિનયનાં અજવાળાં પાથરી રહ્યાં છે. સંગીત સંચાલન રોનક સુતરિયા અને લાઈટ સંચાલન મયુર ભાટીયા કરી રહ્યા છે. વિશ્વ રંગભૂમિ દિવસ નિમિત્તે આયોજિત કરવામાં આવેલું આ નાટક સ્ત્રીના પ્રેમ અને સન્માનની લાગણીને પ્રદર્શિત કરે છે તથા દરેક વર્ગના પ્રેક્ષકોને પસંદ પડે તેવું સંપૂર્ણ સામાજિક નાટક છે. નાટક સૌ કોઈ રસિકો માટે ખુલ્લું છે અને તેના માટે કોઈપણ પ્રકારની ફી રાખવામાં આવી નથી, એમ જણાવતાં દિવ્યકાન્ત વર્માએ કલા રસિક પ્રેક્ષકોને આ નાટક માણવા હાર્દિક નિમંત્રણ પાઠવ્યું છે.

## આરએમએસએના અધિકારી દ્વારા જન્મદિવસની સંવેદનશીલ ઉજવણી



રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાનના સંયુક્ત નિયામક દિનેશભાઈ પટેલ દ્વારા પોતાના જન્મદિવસની ઉજવણી અનોખી રીતે કરવામાં આવી હતી. અંધ શાળા, સૅક્ટર-૧૬ અને સમર્પણ મૂક બધિર શાળા, સૅક્ટર-૨૮ના વિદ્યાર્થીઓ સાથે સપરિવાર મળીને તેમણે આ ઉજવણી હાથ ધરી હતી. આ બાળકો સાથે કેક કાપીને તેમણે કેક બાળકોને ખવડાવીને તેમનું મોં પણ મીઠું કરાવ્યું હતું. આ ઉપરાંત દિનેશભાઈએ પ્રાંતિજ તાલુકામાં સ્થિત પોતાના ગામ પલાચરની શાળાને બે હજાર પુસ્તકો અને એક કૉમ્પ્યુટરનું દાન પણ આપ્યું હતું. પોતાની આયુનાં ૫૦ વર્ષ પૂર્ણ કરનાર દિનેશભાઈએ લોકસેવાનાં ૫૦ કામો કરવાનો સંકલ્પ પણ જન્મદિને જાહેર કર્યો હતો. ઉલ્લેખનીય છે કે રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન રાજ્યમાં ૧૦ હજાર જેટલા દિવ્યાંગ બાળકોના શિક્ષણ, ઉત્થાનનું કાર્ય કરે છે. આ કચેરીના એક ઉચ્ચ અધિકારીએ આ સંવેદનશીલ કાર્ય કરીને અન્યો માટે ઉદાહરણ પૂરું પાડ્યું છે.

## એસ કે પટેલ એમબીએ કૉલેજ દ્વારા વિદ્યાર્થીઓની અનોખી સેવા

ગાંધીનગર, તા. ૭

કડી સર્વ વિદ્યાલય સંચાલિત એસ કે પટેલ ઈન્સ્ટીટ્યુટ ઑફ એમબીએ દ્વારા ટીચ ઈન્ડિયા કાર્યક્રમ અંતર્ગત ઈન્સ્ટીટ્યુટના વિદ્યાર્થીઓ તથા પ્રાધ્યાપકો દ્વારા શહેરની ૧૦ સરકારી પ્રાથમિક શાળાઓમાં એક દિવસીય શૈક્ષણિક કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું અને વિવિધ પ્રવૃત્તિઓ પણ કરાવવામાં આવી હતી.

આ સમગ્ર ઉપક્રમમાં ૧૭૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમની સફળતા માટે પ્રો. ડૉ. ભાવિન પંડ્યા, પ્રો. ડૉ. શ્વેતા મહેતા અને પ્રો. ડૉ. સોનુ ગુપ્તાએ સહયોગ પૂરો પાડ્યો હતો.

# એકપક્ષીય સંબંધો સાચવવાની વેદના અને વ્યથા




vamlani@yahoo.co.uk

(ગતાંકથી ચાલુ)

જે વ્યક્તિ સંબંધો નિભાવવા ઈચ્છતી હોય છે તે વ્યકિત તો ખુલ્લીને પ્રેમ અને સ્નેહની લાગણી વ્યક્ત કરતી હોય છે. એવી જ રીતે સામેની વ્યક્તિને પણ પોતાના પ્રતિ વ્યક્ત થતાં પ્રેમ, સ્નેહ અને હુંફ ગમતા જ હોય છે. છતાં સામેની વ્યકિત જાણીજોઈને ક્યારેય હકારાત્મક પ્રતીભાવ નથી આપતી. આવું બને છે ત્યારે પ્રેમ વ્યક્ત કરતી વ્યકિત દુ:ખી થાય છે, નિરાશ થાય છે, તેના હૃદયમાંથી વેદનાની ટીશો ફૂટતી રહે છે કારણ કે નથી તે સામેની વ્યક્તિના પ્રેમને પામી શકતી કે નથી તેને છોડી શકતી.

જે વ્યકિત સંબંધો નિભાવવા માટે આતુર હોય છે તે વ્યક્તિને અપેક્ષિત પ્રતિભાવો નથી મળતા ત્યારે તે પોતાની અંદરની ખામીઓ શોધવા લાગે છે, પોતાની નબળાઈઓ ખોળવા લાગે છે. એવું માનીને તે પોતાની ખામીઓ શોધે છે કે પોતાની કેટલીક આર્થિક, સામાજિક, શારીરિક કે બાહ્ય દેખાવને લગતી ખામીઓ કે નબળાઈઓને કારણે જ પેલી વ્યક્તિ પોતાની સાથે સંબંધો રાખવા નથી ઈચ્છતી. બંને વ્યક્તિઓનાં વ્યવહારમાં આવું લાંબો સમય ચાલે તો પ્રેમ વ્યક્ત કરતી વ્યક્તિ ક્યારેક લઘુતાગ્રંથિથી પીઃડાવા લાગે છે અને હતાશાની ઊંડી ખાઈમાં ધકેલાઇ જાય છે. ક્યારેક એનું પરિણામ એવું ભયંકર આવે છે કે એ વ્યક્તિ કાયમી રીતે કોઈ માનસિક રોગનો શિકાર બની જાય છે અને ક્યારેક હતાશામાં ને હતાશામાં પોતાનું આયખું પણ ટૂંકાવી નાખે છે.

વ્યક્તિને સંબંધોની હંમેશા ભૂખ હોય છે. એ સંબંધો કોઈપણ પ્રકારના હોય શકે. વ્યક્તિ પોતાની સંબંધોની ભૂખ સંતોષવા માટે, સામે પક્ષેથી એમને યોગ્ય પ્રતિભાવો મળે કે ના મળે છતાં એ પોતાના તરફથી પૂરતા પ્રયત્નો કરતી હોય છે. એક જ આશાએ કે આજ નહીં તો કાલ, સામેથી હકારાત્મક પ્રતિભાવો આવશે જ. સંબંધો ટકાવવા આતુર વ્યકિતને જયારે હકારાત્મક પ્રતિભાવો ના મળે તારે તેમણે પોતાની અંદર ખામીઓ શોધવાને બદલે, લઘુતાગ્રંથિથી પીડવાને બદલે પોતાની જાતનું ગૌરવ અનુભવવું જોઈએ. પોતાને એ વાતનું ગૌરવ લેવું જોઈએ કે પોતે સામેની વ્યક્તિને સ્નેહ, પ્રેમ અને હુંફ આપવા માટે પોતાના તમામ પ્રયત્નો કરે જ છે. અલબત સામેની વ્યક્તિ ને પોતાને મળતાં પ્રેમને સ્વીકારતી નથી અથવા તો એમને એની કિંમત નથી એ એમની કમનસીબી છે. પ્રેમ આપનાર વ્યક્તિ નસીબદાર એટલા માટે છે કે પોતે કઈ પામી નથી શકતી છતાં પોતે સતત પ્રેમ અને સ્નેહ આપી શકે છે. કોઈ વ્યક્તિને પ્રેમ આપવામાં જે મહાનતા છે એ પામવામાં નથી.

જે વ્યક્તિ સંબંધો સાચવવા માટે એકપક્ષિય રીતે સતત પ્રયત્નો કરે છે એ વ્યક્તિ ક્યારેક એવું પણ માનીને હતાશ થઈ જાય છે કે આ દુનિયામાં મારૂ કોઈ જ નથી. મને કોઈ જ પ્રેમ નથી કરતું. હું પ્રેમને લાયક જ નથી. આવું માનનાર વ્યક્તિ એક જો એક વાત સમજી લે કે સંબંધો માત્ર એક જ પ્રકારના નથી હોતાં તો પોતાની વ્યથાને હળવી કરી શકે. એક સંબંધમાં કદાચ પોતાને હકારાત્મક પ્રતિભાવ ના મળે તો અન્ય પ્રકારના સંબંધોનાં દ્વાર તો કમી ખુલ્લા જ હોય છે. વ્યક્તિને જ્યાં અને જે પ્રકારના સંબંધોમાં હકારાત્મક પ્રતિભાવ ના મળે તે સંબંધને અલવિદા કહી ને અન્ય પ્રકારના સંબંધો વિકસાવવા માટે પ્રયત્નો કરવા જોઈએ. આમ કરવાથી પોતે હતાશામાંથી બહાર આવી શકે અને પોતાની વ્યથા અને વેદના ને હળવી કરી શકે.

જે વ્યક્તિ એકપક્ષિય પ્રેમ કરે છે તેણે સામેની વ્યક્તિની વાસ્તવિક પરિસ્થિતિને જાણવા માટે પ્રયત્ન કરવો જોઈએ. સામેની વ્યક્તિ પોતાને શા માટે હકારાત્મક પ્રતિભાવો નથી આપી શકતી તેના કારણો જાણ્યા પછી પોતે પોતાનાં નિર્ણય ઉપર આવવું જોઈએ. ક્યારેક એવું બને કે સામેની વ્યક્તિ કોઈ એવી પરિસ્થિતિનો પણ શિકાર બની ગઈ હોય જેને કારણે પોતે સંબંધો સાચવી શકતી ના હોય. સાચી હકીકત અને સાચા કારણો જાણ્યા વિના વ્યક્તિ જો એકપક્ષિય નિર્ણય લે તો પોતે જ દુખી થાય છે.

એકપક્ષિય સંબંધોમાં એક જ વ્યક્તિ દુ:ખી થાય છે એવું નથી. સામેની વ્યક્તિ ને જો એ વાતની જાણ હોય કે પોતાને કોઈ પ્રેમ કરે છે, પોતાની સાથે કોઈ સંબંધો વિકસાવવા કે ટકાવવા આતુર છે અને પોતે કોઈ કારણોસર હકારાત્મક પ્રતિભાવો નથી આપી શકતી તો એ વ્યક્તિ પણ દુ:ખી થતી હોય છે. હા એવું પણ બને કે સાનુકૂળ પરિસ્થિતી હોય તો પણ સામેની વ્યક્તિ હકારાત્મક પ્રતીભાવ નથી આપતી કે પોતાના પક્ષેથી સંબંધો વિકસાવવા માટે કોઈ જ પ્રકારના પ્રયત્નો નથી કરતી. ક્યારેક આ વ્યક્તિ આવી પરિસ્થિતિની મજા પણ લેતી હોય છે. પોતાને સામેની વ્યક્તિ પ્રેમ આપે છે, હુંફ આપે છે, સંબંધો વિકસાવા બધુ જ કરી છૂટે છે અને પોતે જાણી-જોઈને એનો પ્રતિભાવ નથી આપતી તેને કારણે પ્રેમ આપનાર વ્યક્તિ દુખી થાય છે. તેને દુખી થતી જોઈને, તેને પોતાને કારણે તડપતી જોઈને પોતે ભલે આનંદ માણતી હોય પણ હકીકતમાં એ વ્યક્તિ પણ સાચો આનંદ નથી માણી શકતી. અંદરથી તો પોતે પણ પીઃડાતી હોય છે. જે વ્યક્તિ સંબંધો રાખવા માટે આતુર છે તે વ્યક્તિ સંબંધો ટકાવવા માટે સતત ઘસાયા કરે છે, સત્તા ઝુરાપો અનુભવે છે, સતત તડપતી રહે છે, સતત વ્યથિત રહે છે. તેની વેદનાની ટીશો પણ સામેની વ્યક્તિ સુધી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પહોંચતી જ હોય છે.

આ સંજોગોમાં સામેની વ્યક્તિ પોતાનો અહમ છોડી દઈને, પોતાની પરિસ્થિતી સાથે સમાધાન કરી લઈને, સંબંધ નિભાવવા માટે, પોતાને નડતી પોતાની અંગત સમસ્યાઓનો ઉકેલ કાઢી લઈને, નિખાલસતાથી અને પ્રમાણિકપણે પોતાનો ખુદનો નિર્ણય લઈને, પોતે જે સંબંધોની દીવાલ ઉપર બેઠી હોય છે તેના ઉપરથી દીવાલની કોઈ એક બાજુ કૂદી જવું જોઈએ. પોતે એક ચોખવટ કરી લેવી જોઈએ કે પોતે સંબંધો રાખવા ઈચ્છે છે કે નહીં અને પોતાનો સ્પષ્ટ નિર્ણય સામેની વ્યક્તિને જણાવી દે તો એકપક્ષીય સંબંધોની બધી જ સમસ્યાઓનો ઉકેલ આવી જાય.

એકપક્ષિય સંબંધોની આગમાં પ્રેમાતુર અને સંબંધાતુર અનેક વ્યક્તિઓ ભૂંજાતી હોય છે. કોઈ આપણી નજીકની વ્યક્તિ, આપણી પ્રિયા કે પ્રિયતમ, આપણાં મિત્ર, આપણાં સ્નેહી, આપણાં સંબંધી, આપણાં સહકર્મચારી, આપણાં કુટુંબીજન, આપણાં પાડોશી કે આપણી જીવનસાથી આવી આગમાં ભૂંજાતી હોય તેના માટે કદાચ આપણે પણ જવાબદાર હોય શકીએ. આપના ખાતર,આપના માટે, એકપક્ષિયસંબંધોની આગમાં ભૂંજાતિ, પીડાતી વ્યક્તિની ટીશો જો આપના કાન સુધી પહોંચતી હોય તો આપણે તેને એઆગમાથી બહાર કાઢીને તેની વેદનાની ટીશોને શાંત ના કરી શકીએ?



## આંતરરાષ્ટ્રીય મહિલા પખવાડિયા નિમિત્તે સામાજિક સ્વાસ્થ્ય દ્વારા કાર્યક્રમ યોજાયો




ગાંધીનગર, તા. ૭

આંતરરાષ્ટ્રીય મહિલા પખવાડિયા અંતર્ગત ગાંધીનગર જીમખાના ખાતે અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘ દ્વારા જેસીઆઈના ઝોન ટ્રેનર ડૉ. દર્શનભાઈ મોદીએ ઍન્ટીબાયોટીક દવાઓ ક્યારે ને કેવી રીતે લેવી જોઈએ ને તેનાથી થતા ફાયદા ને નુકસાન પર ખૂબ જ સરસ માહિતી પૂરી પાડી હતી. જ્યારે આયુર્વેદિક ડૉક્ટર રાકેશભાઈ ભટ્ટે સ્વસ્થ જીવનશૈલી તથા ઘરેલુ ઉપચારો પર ખૂબ જ સરસ અને જાણવા જેવી માહિતી આપી હતી.

આ પ્રસંગે અખિલ ભારતીય સામાજિક સામાજિક સ્વાસ્થ્ય સંઘના પ્રમુખ શર્મિષ્ઠાબેન દવે, કારોબારી સભ્ય પલ્લવીબેન ગુપ્તે, સરોજબેન દેસાઈ, દક્ષાબેન સોલંકી તથા જેસીઆઈ પ્રમુખ પરાગીબેન ગાંધી, પૂર્વ પ્રમુખ મમતાબેન રાવલ, જેસીઆઈ કીડ્સનાં ચેરમેન કાજલબેન હાજર રહ્યાં હતાં.

## વાચકોને આમંત્રણ

### સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**'મારી યાદગાર સ્કૂલ'**